મંગળવારે મોદી, બાપા અને વાઘેલા એક પછી એક હોદ્દાના શપથ ગ્રહણ કરશે

વિધાનસભાના પ્રથમ મહિલા કાર્યકારી અધ્યક્ષા સભ્યોને હોદ્દાના શપથ લેવડાવશે

ગાંધીનગર, તા. ૨૦

રાજ્યના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી, પૂર્વ મુખ્યમંત્રી શ્રી કેશુભાઈ પટેલ અને શ્રી શંકરસિંહ વાઘેલા એક સાથે મંગળવારે આ ક્રમાનુસારમાં ધારાસભ્ય તરીકેના સોગંદ લેશે. તેમને ધારાસભ્ય તરીકેના શપથ કાર્યકારી અધ્યક્ષા ડૉ. નીમાબેન આચાર્ય લેવડાવશે.

રાજ્યની ૧૩મી વિધાનસભાનું પ્રથમ સત્ર બુધવારને તા. ૨૩મીથી આરંભાશે પણ ૨૨મી જાન્યુઆરીએ ધારાસભ્યો દ્વારા તેમના હોદ્દાના શપથ લેશે. કાર્યકારી અધ્યક્ષા નિમાયેલા ડૉ. નીમાબેન આચાર્યને આજે રાજભવન ખાતે રાજ્યના રાજ્યપાલ ડૉ. કમલા બેનીવાલ હોદ્દાના સપથ લેવડાવશે.

રાજ્યમાં વિધાનસભાના પ્રથમ કાર્યકારી મહિલા અધ્યક્ષા મંગળવારે ગૃહની બેઠક મળતાં પહેલાં ગૃહના નેતા શ્રી નરેન્દ્ર મોદી, ત્યારબાદ પૂર્વ મુખ્યમંત્રીઓ શ્રી કેશુભાઈ પટેલ અને શ્રી શંકરસિંહ વાઘેલાને શપથ લેવડાવશે.

આ પછી વિધાનસભાના પૂર્વ અધ્યક્ષશ્રીઓ જો ચૂંટાઈને આવ્યા હોય તો તેમને હોદ્દાના શપથ લેવડાવવામાં આવશે. જેમાં શ્રી ગણપતભાઈ વસાવાનો સમાવેશ થાય છે. જે હાલ રાજ્ય મંત્રીમંડળમાં કેબિનેટ મંત્રી છે.

ત્યારબાદ વિપક્ષના નેતા શપથ લેશે આ પછી રાજ્યમંત્રી મંડળના સભ્યો હોદ્દાના શપથ લેશે. મંત્રીમંડળના સભ્યો બાદ ગૃહમાં ચૂંટાઈને આવેલ મહિલા સદસ્યો હોદ્દાના શપથ લેશે.

ત્યાર બાદ વિધાનસભા બેઠકોના ક્રમાનુસાર સભ્યો હોદ્દાના સપથ લેશે.

વિધાનસભા સચિવાલય દ્વારા સભ્યોની શપથવિધિ માટેની તૈયારીઓ હાલ પૂરજોશમાં ચાલી રહી છે. ૨૩મીએ ૧૩મી વિધાનસભાની પ્રથમ સત્ર મળશે જેમાં સવારે પ્રથમ બેઠકમાં વિધાનસભાના અધ્યક્ષની ચૂંટણી યોજાશે.

ત્યારબાદ ગૃહની બેઠક મુલતવી રહેશે. બપોરે ૧૨ વાગે રાજ્યના રાજ્યપાલશ્રી ડૉ. કમલા ગૃહને સંબોધન કરશે. તેમના પ્રવચન બાદ ગૃહ પુનઃ ૧૦ મિનિટ માટે મુલતવી રહેશે.

પુનઃ ગૃહની બેઠક મળશે જેમાં રાજ્યપાલશ્રીના પ્રવચનની નકલો ગૃહના ટેબલ પર મુકવામાં આવશે. આ પછી શોકદર્શક ઉલ્લેખો રજુ થશે, અને ગૃહની કાર્યવાહી અનિશ્ચિત સમય સુધી મુલતવી રાખવામાં આવશે.

૧૩મી વિધાનસભામાં હાલ બે બેઠકો ખાલી છે જ્યારે ભાજપના ૧૧૫, કોંગ્રેસના ૫૯, એન.સી.પી. ૨, જનતાદળ(યુ)-૧, અપક્ષ-૧ અને ગુજરાત પરિવર્તન પાર્ટીના-૨ સભ્યો છે.

ગાંધીનગરમાં લગ્ન પ્રસંગોએ ટાબરીયા ગેંગનો તરખાટ

ગેંગ દ્વારા દાગીના-રોકડ સહિત લાખોનો હાથ ફેરો : રાયસણ નજીક પ્રિયા ફાર્મ નજીક સોનાના હાર-રોકડ સાથે બેગની ઉઠાંતરી : હોટલ ફોર્ચ્યુનમાં પણ દાગીના ભરેલી થેલી સેરવી લીધી : શહેરમાં વિવિધ ત્રણ સ્થળોએ મોકાનો લાભ ઉઠાવી હાથ અજમાવ્યો !

ગાંધીનગર, તા. ૨૦

શહેરમાં લગ્નસરાની મોસમ નિખરી છે ત્યારે ટાબરીયા ગેંગે તરખાટ મચાવ્યો છે. શહેરમાં વિવિધ ત્રણ સ્થળોએ લગ્ન મહોત્સવમાં મોકાનો લાભ ઉઠાવી ટાબરીયા ગેંગના ગઠીયાઓએ અંદાજિત રૂ. ૨.૫૦ લાખથી વધુ મત્તાની ઉઠાંતરી કરી હોવાનું પ્રકાશમાં આવ્યું છે. લગ્નમંડપમાં કીંમતી દાગીના અને રોકડ ભરેલી બેગ અને પર્સ પર બાજ નજર રાખતા ગઠિયાઓએ શહેરમાં ત્રણ લગ્નમહોત્સવમાં હાથફેરો કર્યો હોવાનું ધ્યાને આવ્યું છે. ફાર્મહાઉસ અને હોટલોમાં યોજાતા લગ્નસમારંભોમાં પણ ટાબરીયાઓ સિફતાઈપૂર્વક હાથ અજમાવી આંખના પલકારામાં છુમંતર થઈ જતા ફફડાટ પ્રવર્ત્યો છે.

લગ્નના માંડવેથી કીંમતી દાગીના અને રોકડની ઉઠાતરી થતી હોવાના કિસ્સાઓ વધી રહ્યા છે. જયારે લગ્નમંડપો આસપાસ પૈસા માંગવાના બહાને આંટા ફેરા કરતા ટાબરીયાઓ તક મળતા જ પર્સ કે બેગ ઉઠાવવાની ફીરાકમાં હોવાનું ધ્યાને આવ્યું છે. છેલ્લા ચાર દિવસમાં જ સક્રીય થયેલી ટાબરીયા ગેંગે વિવિધ ત્રણ લગ્નપ્રસંગોમાં હાથફેરો કરી સોનાના કીંમતી દાગીના તેમજ રોકડ સહિત લાખોની મત્તા સેરવી લીધી હોવાની ફરિયાદ સ્થાનિક પોલીસ મથકે નોંધાઈ છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર સે-૨૨ વાસ્તુ નિર્માણ સોસાયટીમાં રહેતા અરૂણભાઈ હરજીવનભાઈ પટેલની પુત્રીના લગ્ન સમારોહ દરમિયાન રાયસણ નજીક સ્થિત પ્રિયા ફાર્મમાં પણ ટાબરીયા ગેંગના ગઠીયાઓએ હાથ ફેરો કર્યો હતો. ગત તા. ૧૮ જાન્યુઆરીના રોજ રાત્રિના લગ્નસમારોહ દરમિયાન કન્યાને ગીફ્ટમાં આપવાનો બે તોલાના હાર, કેમેરો તેમજ કવરમાં જ મુકેલી રોકડ રકમ સહિત રૂ. ૬૭,૫૦૦ની મત્તા ભરેલ કોટન બેગની કોઈ ગઠીયાએ ઉઠાંતરી કરી હતી. આ ઉપરાંત શહેરના મધ્ય વિસ્તારમાં સ્થિત હોટલ ફોર્ચ્યુન ખાતે યોજાઈ રહેલા લગ્નસમારંભમાં પણ જાણભેદુ ગઠીયાઓએ કીંમતી દાગીનાની ઉઠાંતરી કરી હતી. હોટલ ફોર્ચ્યુનમાં બીજા મજલે લગ્નવિધિ ચાલતી હતી તે દરમિયાન સોફામાં મુકેલી થેલી કોઈ ઉઠાવી ગયું હતું. જેમાં ત્રણ તોલાનો સોનાનો સેટ ઉપરાંત બે બે ગ્રામના અન્ય બે સેટ સહિત ડાયમંડ સેટની ઉઠાંતરી કરી ગઠીયાઓ પલાયન થઈ ગયા હતા. આ મામલે ઉનાવામાં રહેતા કાન્તાબેન વાડીલાલ બારોટે સે-૭ પોલીસે ઉપરોકત બંને ગુન્હા સંદર્ભે વધુ તપાસ હાથ ધરી છે. વધુમાં શહેરના સે-૧ ખાતે યોજાયેલા એક લગ્નસમારંભમાં પણ પ્રસંગમાં ઉત્સુક મહેમાનોની હાજરી વચ્ચે મોકાનો લાભ ઉઠાવી ગઠીયાએ કન્યાનું પર્સ ઉઠાવી લીધું હોવાનું ધ્યાને આવ્યું છે. પર્સમાં મોબાઈલ સહિત રોકડ રકમ હોવાનું પણ માલુમ પડયું છે. લગ્નપ્રસંગ માણવામાં ગળાડૂબ મહેમાનોની હાજરીમાં જ નજર ચુકવીને કીંમતી દાગીના અને રોકડ ભરેલી બેગની ઉઠાંતરી પાછળ ટાબરીયા ગેંગ સક્રીય થઈ હોવાનું મનાઈ રહ્યું છે.

પારો ત્રણ ડીગ્રી ઉંચકાતા ઠંડીમાં રાહત

ગાંધીનગર, તા. ૨૦

ઠંડીમાં વસાહતીઓને થોડીક રાહત મળી છે. લઘુત્તમ તાપમાન ૭.૨ ડિગ્રી સુધી પહોંચી ગયા બાદ ગત રાત્રીએ લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રી જેટલું નોંધાયું હતુ. જો કે આજે પણ આખો દિવસ ઠંડો પવન ફુંકાતો રહ્યો હતો. પવનની ગતી તેજ હોવાથી ઘરના બારી બારણા બંધ રાખવાની ફરજ પડી હતી. વસાહતીઓએ તડકામાં બેસી ઠંડી ઉડાડવાનો પ્રયાસ કર્યો હતો.

ઘુંટણના દુઃખાવાને લઈ જતી વેઈન શોધાતા પેઈન મેનેજમેન્ટમાં નોંધપાત્ર સફળતા

ઘુંટણની ગાદી ઘસાઈ જવાથી દર્દથી પીડાતા દર્દીઓને સાથળમાં ઈન્જેકશન આપી સારવાર કરવાની પદ્ધતિ વિકસાવતા ડૉ. રાજીવ હર્ષે

ગાંધીનગર, તા. ૨૦

લગભગ ત્રણ વર્ષે એક દર્દીનો અચાનક ફોન આવ્યો, મે પુછ્યું હવે ઘુંટણના દર્દમાં કેમ છે, કેમ ફરીથી બતાવવા આવ્યા નહી, તો દર્દી હસીને કહે દર્દ હોય તો ડોકટર પાસે આવુ ને..! મને ખુબ આશ્ચર્ય થયું, મે સાથળની નસમાં જે ઈન્જેકશન આપ્યું તેનો એક જ ડોઝ દર્દીના દર્દને ૮૦ થી ૯૦ ટકા સુધી ઓછો કરવા સક્ષમ રહ્યું. આ શબ્દો છે ગાંધીનગરના પેઈન મેનેજમેન્ટ નિષ્ણાંત ડૉ. રાજીવ હર્ષેના.

ઘુંટણનો દુઃખાવો વ્યક્તિને ક્યારેક ને ક્યારેક તો વધતા ઓછા અંશે પરેશાન કરે જ છે. ઉંમર વધતા ઘુંટણના સાંધાનો ઘસારો વધતા દુઃખાવાની તીવ્રતામાં વધારો થાય છે. અને દર્દીનું હલનચલન સાવ ઓછુ થઈ જાય છે. તેણે દવાના આધારે જીવન વ્યથિતત કરવું પડે છે. ક્યારેક ઓપરેશન કરવાની પણ ફરજ પડે છે. ઘુંટણના દુઃખાવામાં રાહત આપવા માટે પેઈન મેનેજમેન્ટ નિષ્ણાંતો અત્યાર સુધી ઘુંટણમાં ઈન્જેકશન આપતા હતા. પરંતુ ગાંધીનગરના પેઈન મેનેજમેન્ટ નિષ્ણાંત ડૉ. રાજીવ હર્ષેએ કેટલાક સંશોધનો બાદ ઘુંટણના દર્દને મગજ સુધી લઈ જતી એક વેઈન (નસ) શોધી કાઢી છે. સાથળમાંથી પસાર થતી આ વેઈનમાં જો દર્દ ઓછુ કરતી દવાનુ ઈન્જેકશન આપી દેવાય તો દર્દીને ૭૦ થી ૯૦ ટકાનો ફાયદો થાય છે. આ નવી ટેકનીકથી દર્દીઓને જે ફાયદો થયો છે તેનાથી ડૉ. રાજીવ હર્ષ પણ આશ્ચર્ય પામ્યા છે.

ડૉ. રાજીવ હર્ષે કહે છે કે નર્વ બ્લોકના નામે ઓળખાતી આ સારવાર છેલ્લા ચાર વર્ષથી શરૂ કરી છે અને જે જે દર્દીઓ પર આ પ્રયોગ કર્યો છે. તેમને દર્દમાં ૮૦ થી ૯૦ ટકા જેટલી રાહત મળી છે. ડૉ. હર્ષેએ તેમની આ નવી સારવાર અંગે આંતરરાષ્ટ્રીય મેડિકલ જર્નલને વિગતો રીચર્સ પેપર સાથે મોકલી છે. ઘણી મેડીકલ કોન્ફરન્સમાં તેમને વક્તવ્ય આપવા માટે આમંત્રિત કરવામાં આવ્યા છે. ડૉ. હર્ષે ઉમેરે છે કે તેઓ આ નવી ટેકનીક અંગે બધા જ પેઈન મેનેજમેન્ટ નિષ્ણાંતો જાણતા થાય તેવું ઈચ્છે છે. જેથી તેનો લાભ વધુને વધુ દર્દીઓ લઈ શકે.

નર્વ બ્લોક ઉપચારના ફાયદા ખુબ છે. જે દર્દીઓ ઘુંટણની ગાદીનું ઓપરેશન કરાવવા ઈચ્છતા નથી તેઓ આનો લાભ લઈ શકે છે. સારવારમાં ખુબ ઓછો ખર્ચ થાય છે, ઓપરેશન વગર સારવાર, ફક્ત સોયની મદદથી ઉપચાર થાય છે અને દર્દીને બેભાન કરવાની જરૂર પડતી નથી. આ સારવાર બાદ દર્દીને એક કલાકમાં રજા મળી જાય છે, આરામની જરૂર રહેતી નથી, પલોઠી વાળીને બેસી શકાય છે, દવાની આડ અસરથી છુટકારો મળે છે અને દુઃખાવામાં રાહત રહે છે.

● અનુસંધાન પાન-૭ પર

હવે, હરવા-ફરવામાં કોઈ તકલીફ નથી : મધુબેન

● ગાંધીનગરના જાણીતા તબીબ ડૉ. નીતા શેખાતના મમ્મી મધુબેન માંકડીયાએ આ આધુનિક નર્વ બ્લોકની સારવાર અઢી વર્ષ અગાઉ કરાવી હતી. તેઓ કહે છે કે મને હવે દાદરા ચઢવામાં જરાય તકલીફ પડતી નથી. પહેલાં તો ઘરમાં હરવા ફરવામાં જ તકલીફ હતી હવે એકાદ કિલોમીટર તો આરામથી ચાલી શકાય છે.

નર્વ બ્લોક સારવારથી જાણે ચમત્કાર જ થયો : પ્રેમીબેન

● અમદાવાદ રહેતા ડૉ. જ્ઞાનગુનાની કહે છે કે મારા ૮૩ વર્ષિય ધર્મપત્નિ પ્રેમીબેનને ઘુંટણના દુઃખાવાએ સાવ લાચાર બનાવી દીધા હતા. તેઓ પથારીમાંથી માંડ ઉભા થઈ શકતા હતા. ઓપરેશન કરાવવાની ઈચ્છા ન હોવાથી અમે ડૉ. હર્ષનો સંપર્ક કર્યો અને નર્વ બ્લોક સારવાર કરાવી. આ સારવારથી તો જાણે ચમત્કાર જ થયો છે. મારા પત્નિ હવે આરામથી હરી ફરી શકે છે, અરે ખરીદી કરવા પણ એકલા જતાં થયા છે. માત્ર એક જ વખત આ સારવાર કરાવવાથી ખુબ ફાયદો થયો છે.

જેસીઝના પૂર્વ પ્રમુખ એલ. એસ. પટેલના માતુશ્રીનું અવસાન

ગાંધીનગર, તા.૨૦

દશગામ લેઉવા પાટીદાર સમાજના અગ્રણી અને ગાંધીનગર જુનિયર ચેમ્બરના પૂર્વ પ્રમુખ એલ. એસ. પટેલના માતૃશ્રી કંકુબેન પટેલનો તા.૨૦મી જાન્યુઆરીએ સાંજે ૬ કલાકે સ્વર્ગવાસ થયો હતો. ૮૫ વર્ષના સ્વર્ગસ્થ કંકુબેન પટેલની સ્મશાન યાત્રા આજે તા.૨૧મીજાન્યુઆરી ૨૦૧૩ના રોજ સવારે ૭ કલાકે તેમના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૭૨/૨, સેકટર-૩-એ-ન્યુ, ગાંધીનગર ખાતેથી નિકળશે. સદ્‌ગતનું બેસણું તા ૨૨ જાન્યુઆરી ૨૦૧૩ સવારે ૮ થી ૧૧ કલાક દરમિયાન મંગળવારના રોજ ઉપરોકત સરનામે રાખેલ છે.

Summons for disposal of Application (Rule 22) (W.C. Rules (1924))

No. 7374 OF13
Office of the Commissioner for Workmen's Compensation, New Adm. Bldg. 2nd Floor, Cent. Colony Bandra (E), Mumbai-51
Date: 31.12.2013

IN THE 4th LABOUR COURT AT MUMBAI
BEFORE SHRI. P. K. CHITHE, JUDGE
IN APPLICATION (WCA) No. 55/B-1/962006

Mahmuriddu Wali/o Sahibuddin ....Applicant/s
V/s
Suraj Tandon E-60012 .... Opponent/s

NOTICE

WHEREAS the above named applicant has presented an application in this court against you for compensation in respect of the injuries received by him/ death of by accident said to have arisen, out of and in the course of his employment as stated in the accompanying copy of the application, you are: There by summoned to appear, in this court, in person or by a pleader or any other person duly authorized in writing and able to answer all material questions relating to the application of who/the accompanied by some other person able to answer all such questions on 31.1.2013 at 10.30 a. m. To answer the claim. And on the day fixed for your appearance is appointed for the final disposal of the application, you must be prepared to produce on that day all the witness upon whose evidence and all the documents upon which you intend to relay in support of your defense.

Under Rule 27 of the Workmen's Compensation Rules, 1924, you are hereby required to file written statement in duplicate on or before 31.1.2013.

Take notice that in default of your appearance on the day above mentioned, the application will be heard and determined your absence.

Given under my hand & the Seal of the Court.

To,
1. Suraj Tandon E-00001 2
C/o. Trans Ltd. 8701 B.
G.I.D.C. Ankleshwar
Dist. Bharuch

Seal

By Order,
Sd/-
Assist Registrar
Commissioner for Workmen's Compensation, Mumbai

બેસણું

અમારા માતૃશ્રી **કંકુબા પટેલ** ગામ : ઉનાવા, હાલ ગાંધીનગર તા. ૨૦/૧/૧૩, રવિવારના રોજ સ્વર્ગવાસી થયેલ છે. **સદ્‌ગતનું બેસણું તા. ૨૨-૧-૨૦૧૩, મંગળવારના રોજ સવારે ૮ થી ૧૧** નીચેના સ્થળે રાખવામાં આવેલ છે.

સ્થળ : પ્લોટ નં. ૧૭૨/૨, સેક્ટર-૩એ/ન્યુ ગાંધીનગર

લિ.
પોપટભાઈ સોમાભાઈ પટેલ
લાલભાઈ સોમાભાઈ પટેલ (એલ.એસ. પટેલ)

શ્રદ્ધાંજલિ

ગ્રીષ્મા બાબુ
સ્વ. તા. ૧૫-૧-૨૦૧૩

આંખો હજી નિહાળે છે.
અંતર હજી પોકારે છે.
તમારી સ્મરણ થાય છે.
જે અમને
મન મૂકીને રડાવે છે.
કલ્પી ન શકાય તેવી
તમારી વસમી વિદાય
કાળજુ કંપાવી ગઈ.
મન હજી માનતું નથી કે
ગ્રીષ્મા અમારી વચ્ચે નથી.
પ્રભુ આપના દિવ્ય આત્માને
શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

માઉન્ટ કાર્મેલ હાઈસ્કૂલ
સેક્ટર-૨૧, ગાંધીનગર.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES
તમામ સાઈઝના ઓરીજીનલ ટાયર-ટ્યુબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે.

SANGHI CEMENT
KISAN
BENELAVE
H.FIXIT
TMT BARS - ISI
TATA
STEEL • PIPES • SHEETS
SANGHI STEEL - ISI
ashirvad
C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૦૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

WORLD AYURVED RESEARCH & DEVELOPMENT COUNCIL (WARDC)
(विश्व आयुर्वेद अनुसंधान एवं विकास परिषद्)
भारत सरकार द्वारा पंजीकृत आयुर्वेद के शोध, विकास एवं प्रचार प्रसार में समर्पित एक राष्ट्रीय स्वतंत्र संस्था
☞ क्या आप आयुर्वेद में अपना कैरियर बनाना चाहते है?
☞ क्या आप आयुर्वेद में अपना खुद का व्यवसाय शुरू करना चाहते हैं ?
☞ क्या आप आयुर्वेद एवं हर्बल उपचार पद्धति सीखना चाहते है?
यदि हां, तो आप शीघ्र विश्व आयुर्वेद अनुसंधान एवं विकास परिषद् के सदस्य बनें। जिसका सहभागी सदस्यता शुल्क 2100/- रूपये हैं हम आपको निम्न व्यवसायों का प्रशिक्षण एवं इनके व्यापार की पूर्ण जानकारी व मार्गदर्शन देंगे जैसे: -
1. हर्बल (जड़ी बूटियों) की खेती करना
2. हर्बल कुटीर उद्योग लगाना
3. आयुर्वेदिक दवाईयों का विक्रय करना
4. आयुर्वेदिक उत्पादों व पदार्थों की मार्केटिंग करना
5. आयुर्वेदिक दवा प्रतिनिधि (AMR) बनना
6. आयुर्वेदिक पत्रकारिता एवं लेखन प्रशिक्षण कोर्स
7. आयुर्वेदिक उपचार तथा प्राथमिक चिकित्सा का ज्ञान
8. आयुर्वेद, योग व प्राकृतिक चिकित्सा शिक्षण का प्रशिक्षण
9. आयुर्वेदिक औषधालय का संचालन
10. आयुर्वेदिक प्रशिक्षण केन्द्र का संचालन
11. आयुर्वेदिक साहित्य व उपकरण विक्रय केन्द्र खोलना
12. आयुर्वेदिक प्रशिक्षक/ प्रचारक एवं WARDC का परामर्शदाता बनना।
आप हमारे द्वारा उपरोक्त व्यवसायों को सीखकर लाखो रुपये कमा सकते हैं। साथ ही हम आपको सदस्यता पहचान-पत्र एवं प्रशिक्षण प्रमाण पत्र भी प्रदान करेंगे। अतः आयुर्वेद विद्या के प्रचार प्रसार-विस्तार के इच्छुक व्यक्ति शीघ्र सम्पर्क करें :-
WARDC के पत्राचार के अंतर्गत आयुर्वेदिक एवं हर्बल प्रशिक्षण कोर्स सत्र-2013
1. आयुर्वेदिक औषधी एवं हर्बल व्यवसायिक प्रशिक्षण कोर्स (छःमाही) — प्रवेश योग्यता 10वीं पास — शुल्क 3100/-
2. आयुर्वेदिक चिकित्सा एवं हर्बल उपचार पद्धति प्रशिक्षण कोर्स (एक वर्षीय) — 12वीं पास — 5100/-
3. आयुर्वेद, हर्बल, योग, मसाज थैरेपी, प्राकृतिक चिकित्सा व एक्यूप्रेशर का संयुक्त प्रशिक्षण कोर्स (द्विवार्षिक) — बी.ए./स्नातक — 8500/-
आप हमारी वैबसाईट से फॉर्म डाउनलोड करके और कोर्स के हिसाब से फीस हमारे बैंक में World Ayurved Research & Development Council, New Delhi के नाम ICICI Bank A/C No. 025005003965 में जमा करके पूर्ण रूप से सही भरा हुआ फार्म सर्टिफिकेट के फोटो कॉपी के साथ हमारे नीचे लिखे दिल्ली के पते पर भेज दें।
कोर्स के अंत में प्रेक्टिकल ट्रेनिंग के लिए हमारे अनुभवी डॉक्टरों द्वारा आपके होम डिस्ट्रक्ट में एक कैम्प भी लगाया जायेगा। जिसकी जानकारी उस जिले के सभी प्रशिक्षार्थियों को दी जायेगी
फार्म जमा करने की आखिरी तिथि 31 जनवरी 2013 — इसके बाद लेट फीस लगेगी
Central Office :
Plot No. 4, Chandra Park (Opp. NSIT), Dwarka Mod Highway, New Delhi-110078 (India)
Help Lines : 09250047929, 09266988393, 09268097570
E-mail : waradc@yahoo.com
Web : www.worldayurvedresearch.com
नोट : आप अपने जिले में WARDC की शाखा शिक्षा/आरोग्य केन्द्र भी खोल सकते हैं जिसका पंजी. शुल्क 15,000/-

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com